પીટીસી (ડિએલએડ) ના તાલીમાર્થીઓની બદલી કરવાના નિયમોમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- ED/MIS/e-file/3/2024/5030/N
સચિવાલય, ગાંધીનગર
તા. 21 DEC 2024

**વંચાણે લીધા:-**

(1) શિક્ષણ વિભાગનો તા.૦૨/૦૭/૨૦૧૦ નો ઠરાવ ક્રમાંકઃ-ટીસીએમ/૧૪૧૦/૮૬૩/ન
(2) પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીનો તા.૧૭/૧૦/૨૦૨૪ના પત્ર ક્રમાંક-પ્રાશિનિ/પીટીસી/જ/ઈ-૫૦૧૪/૨૦૨૪

**પ્રસ્તાવના:-**

વંચાણે લીધેલ સંદર્ભ (૧) ના વિભાગના તા.૦૨/૦૭/૨૦૧૦ ના ઠરાવથી પી.ટી.સી. કોલેજોમાં બીજા વર્ષના તાલીમાર્થીઓની કોલેજની બદલી કરવાનું ઠરાવવામાં આવેલ હતું. વંચાણે લીધેલ સંદર્ભ (૨)ના પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના તા.૧૭/૧૦/૨૦૨૪ના પત્રથી પીટીસી કોલેજમાં પ્રથમ અને બીજા વર્ષના તાલીમાર્થીઓની બદલી માટે અરસ પરસના કિસ્સા તથા કોઈપણ એક તરફી બદલીઓ કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે મેરીટ અને અનામતના ધોરણો જળવાય તેમ પીટીસી (ડિએલએડ)ના તાલીમાર્થીઓની બદલીઓ નીચેની શરતે કરવા આથી ઠરાવવામાં આવે છે.

1. પીટીસી કોલેજમાં પ્રથમ અને બીજા વર્ષના તાલીમાર્થીઓની બદલી કરી શકાશે.
2. અરસ પરસના કિસ્સા તથા કોઈ પણ એક તરફી બદલી કરી શકાશે.
3. અરસ પરસના કિસ્સા તથા કોઈપણ એક તરફી બદલી પણ ડાયેટમાંથી ફક્ત ડાયેટમાં જ અને ગ્રાન્ટેડમાંથી ગ્રાન્ટેડ પીટીસી કોલેજમાં જ તથા સ્વનિર્ભરમાંથી ફક્ત સ્વનિર્ભર પીટીસી કોલેજમાં જ બદલી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હેતલ સચાણીયા)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવ, સચિવાલય, ગાંધીનર
2. માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોક-૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટીની કચેરી, વિદ્યાભવન, ગાંધીનગર
5. તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની, કચેરી મારફત)
6. સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by: Hetal A sachaniya
Section officer
Date: 2024.12.20 17:53:30